
# ‘ધ બેકસ્ટેજ ઑફ ડેમોક્રેસી’: દેશની ચૂંટણી સમજવા માટેનો દસ્તાવેજ!

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

‘યુનિવર્સિટી ઑફ ઓક્સફોર્ડ’ અંતર્ગત આવેલી ‘ધ ક્વિન્સ કૉલેજ’ના લેક્ચરર અમોઘ ધાર શર્માનું પુસ્તક સમયસર આવ્યું છે. આ પુસ્તકનું નામ છે : ‘ધ બૅકસ્ટેજ ઑફ ડેમોક્રેસી : ઈન્ડિયાઝ ઈલેક્શન કેમ્પેઈન્સ એન્ડ ધ પિપલ હુ મેનેજ ધેમ.’ હાલમાં વોટ ચોરીને લઈને વિરોધ પક્ષના આગેવાન રાહુલ ગાંધી વર્તમાન કેન્દ્ર સરકાર પર આક્ષેપ કરી રહ્યા છે; ત્યારે આ પુસ્તકમાં ચૂંટણી જીતવા માટે રાજકીય પક્ષ કેવી રીતે હથકંડા અપનાવે છે તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. લેખક તરીકે અમોઘ ધાર શર્માએ ઘણી નવી વાતો આ પુસ્તક દ્વારા મૂકી છે. તેમણે એક પ્રકરણમાં ભાજપના પૂર્વ આગેવાન પ્રમોદ મહાજન અંગે વિગતે લખ્યું છે. આજે પ્રમોદ મહાજનનું નામ ભૂલાઈ ચૂક્યું છે પરંતુ વાજપેયીના વડા પ્રધાનના કાર્યકાળમાં પ્રમોદ મહાજનનો સિક્કો બરાબર ચાલતો હતો. મીડિયામાં ભાજપ પક્ષના પ્રવક્તા તરીકે પ્રમોદ મહાજન છવાયેલા હતા. એટલું જ નહીં ઉદ્યોગપતિ અને અન્ય પક્ષો સાથે પણ તેમણે મૈત્રીભર્યા સંબંધ રાખ્યા હતા. વાજપેયીના વડા પ્રધાનના કાર્યકાળમાં ટ્રબલશૂટર તરીકે પ્રમોદ મહાજનની ખાસ્સી ફાવટ હતી. પ્રમોદ મહાજનની આ ઓળખને થોડી વધુ ચમકતી કરીને સંશોધક અમોઘ ધાર શર્માએ મૂકી આપી છે. તેમણે લખ્યું છે કે, 2006માં તેમનું મૃત્યુ થયું તે અગાઉ પ્રમોદ વ્યંકટેશ મહાજન ‘ભારતની રાજનીતિના યાંત્રિક ઉપકરણથી ઘેરાયેલા આધુનિકતાવાદી’, ‘અથાક રણનીતિકાર’, ‘સબળ આગેવાન’, ‘અદ્વિતીય વક્તા’ ઉપરાંત ‘સંગઠનમાં વ્યૂહાત્મક આવડત’ ધરાવનારા હતા. તે સમયે ભાજપના આગેવાનોમાં તેઓ ટેક્નોલોજી ફ્રેન્ડલી ગણાતા અને ભાજપને ડિજિટલ યુગ માટે તૈયાર કરનારા પ્રમોદ મહાજન હતા. ભાજપના આંતરિક પ્રોફેશનિલિઝમની સફરમાં પ્રમોદ મહાજનની અસર ખાસ્સી જોવાય છે.

પ્રમોદ મહાજનની આ સફરની શરૂઆત આંધ્રપ્રદેશના મહેબૂબનગરમાંથી થઈ હતી, જ્યાં 1949માં તેમનો જન્મ થયો હતો. તેમનું બાળપણ મહારાષ્ટ્રના નાના તાલુકા અમ્બાજગોઈમાં વીત્યું, જ્યાં તેઓ ‘રાષ્ટ્રીય સ્વયંમસેવક સંઘ’ સાથે જોડાયા. ફિઝિક્સ અને પત્રકારત્વમાં અન્ડર ગ્રેજ્યુએટ ડિગ્રી મેળવીને પ્રમોદ મહાજન મરાઠી સામયિક ‘તરૂણ ભારત’ સાથે જોડાયા. પછી તેમણે શિક્ષક તરીકે 1971થી 1974 સુધી નોકરી કરી. 1974માં તેઓ ફૂલટાઈમ ‘આરએસએસ’ના પ્રચારક તરીકે બન્યા. કટોકટી કાળ વખતે સરકારનો વિરોધ કરવા બદલ તેમને જેલ થઈ હતી. આ દરમિયાન તેમણે સમયનો સદઉપયોગ કર્યો અને પોલિટીકલ સાયન્સ વિષયમાં માસ્ટર ડિગ્રી કરવા અર્થે ખૂબ વાંચ્યું. 1980માં ભાજપની સ્થાપના થયા બાદ પ્રમોદ મહાજન ભાજપના યુવાન ચહેરા તરીકે ઝડપથી ઉભર્યા.

અમોઘ ધાર શર્માએ આ તમામ માહિતી વિગતે લખી છે. આગળ તેઓ પુસ્તકમાં લખે છે કે, ‘પ્રમોદ મહાજનની સંગઠનાત્મક શક્તિ પ્રથમવાર એલ. કે. અડવાણીના રથયાત્રા દરમિયાન જોવા મળી હતી. આ યાત્રા દરમિયાન આયોજન અને લોજિસ્ટિક બાબત તેમણે સંભાળી હતી. યાત્રામાં અનેક યોગદાનો પૈકી એક યોગદાન એવું હતું કે તેમણે અડવાણીના રથયાત્રાના માર્ગમાં આવતા ભાજપના તમામ સ્થાનિક કાર્યાલયોમાં ફેક્સ મશીન મૂકાવ્યા હતા. જેથી દર કલાકે પ્રેસ રિલીઝ દિલ્હીના મુખ્ય કાર્યાલય પર પહોંચી શકે - ત્યાંથી તે સમાચાર અખબારોને મળતા હતા.’



ભાજપ ઓડિયો-વિડિયો કેસેટનો આધાર લઈને પ્રચાર-પ્રસાર કરતાં થયો, તેના અગાઉ 1984ના લોકસભાની ચૂંટણીમાં મુંબઈની નોર્થ-વેસ્ટ બેઠક પરથી લડી રહેલા પ્રમોદ મહાજને પોતાના કેમ્પેઈન માટે કેસેટ્સનો ઉપયોગ કરવા માંડ્યો હતો. પ્રચાર-પ્રસાર અર્થે રાજકીય માર્કેટિંગને યોગ્ય ઠેરવતા પ્રમોદ મહાજને કહ્યું હતું કે, ‘મને લાગે છે કે એ સમય આવી ચૂક્યો છે કે આપણે ‘વેચાણ’ શબ્દથી અળગા રહીને શરમાઈએ. આપણે એ સ્વીકારવું જોઈએ કે કોમ્યુનિકેશનમાં મોટી ક્રાંતિ આવવાની છે. આપણે એક સારું કેમ્પેઈન ચલાવીને ખરાબ પ્રોડક્ટને વેચી શકીશું નહીં. વિપરીત રીતે જોઈએ તો લોકો ક્યારેય સારી પ્રોડક્ટ ખરીદશે નહીં, જો તેઓ તેના વિશે જાણતા જ નહીં હોય.’ 1990માં પ્રમોદ મહાજનને ભાજપના ઈલેક્શન

> **હાલમાં વોટ ચોરીને લઈને વિરોધ પક્ષના આગેવાન રાહુલ ગાંધી વર્તમાન કેન્દ્ર સરકાર પર આક્ષેપ કરી રહ્યા છે; ત્યારે આ પુસ્તકમાં ચૂંટણી જીતવા માટે રાજકીય પક્ષ કેવી રીતે હથકંડા અપનાવે છે તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે**

સેલની જવબાદારી સોંપવામાં આવી હતી, જ્યાં તેમણે સૂંપર્ણરીતે મીડિયાની પણ જવાબદારી સ્વીકારી હતી. 1990 દેશના મીડિયા માટે એક પરિવર્તનકારી સમય હતો. નવા મીડિયાનો ઉપયોગ કરીને મહાજનને એ બરાબર ખ્યાલ આવી ગયો હતો કે ભાજપ દેશના ખૂણેખૂણે છેવાડાના મતદાતા સુધી પહોંચશે.

આ રીતે સંગઠનમાં ધરમૂળથી બદલાવ સાથે મહાજન દરેક કાર્યાયલને કમ્પ્યૂટરથી સજ્જ કર્યા હતા. તેમણે કેન્દ્રિય કોમ્યુનિકેશન નેટવર્કમાં મીડિયા સેલ્સ ઊભા કર્યા અને પક્ષના કાર્યકરો માટે મીડિયાની વર્કશોપનું આયોજન કર્યું હતું. આ દરમિયાન જ 1990માં વ્યાપક રીતે 24 કલાક ન્યૂઝ ટેલિવિઝન ચેનલ દેશમાં આવી અને તે જ કારણે અનેક રાજકીય નેતાઓને અગાઉ ક્યારેય ન મળ્યું હોય તેવું કવરેજ મળવા લાગ્યું હતું.

1990ના દાયકામાં ભાજપે સમગ્ર દેશના ચૂંટણી ક્ષેત્રોની પ્રોફાઈલ તૈયાર કરવા અર્થે પાછલા ચૂંટણી પરિણામોની માહિતી એકઠી કરીને કમ્પ્યૂટર પર એક ડેટાબેઝ તૈયાર કરવાની રણનીતિ ઘડી હતી. 1996માં મહારાષ્ટ્રના ચૂંટણી દરમિયાન કેનેડા સ્થિત ભાજપ પક્ષના સપોર્ટર અને સોફ્ટવેર એન્જિનિયર એસ.આર. બડવેએ એક વિશેષ ‘પોલિટિકલ મેનેજમેન્ટ સોફ્ટવેર’ તૈયાર કર્યું હતું. આ સોફ્ટવેરમાં દરેક મતક્ષેત્રનો ડેટા હતો અને તેમાં દરેક મતદાતાની ઉંમર, જાતિ, જ્ઞાતિ અને ધર્મની ઓળખ એકસાથે મૂકવામાં આવી હતી. એટલું જ નહીં આ ડેટાબેઝમાં તે મતક્ષેત્રમાં કેટલી શાળા છે, કો-ઓપરેટિવ બેન્ક, ધાર્મિક સંસ્થા, નાગરિક અને કોમી સમસ્યા ઉપરાંત ભૌગોલિક વિશેષતાઓની માહિતી મળતી હતી.

આજે સોશિયલ મીડિયા દ્વારા ચૂંટણી જીતવાના અથવા તો ચૂંટણી પર અસર પાડવા અંગેના દાખલા અનેક છે. સોશિયલ મીડિયાની ઈમ્પેક્ટ આજે કોઈ નકારી શકતું નથી. સોશિયલ મીડિયા પર તગડું માર્કેટિંગ કરનારા ચૂંટણીમાં વધુ ફાવે છે તેવું સાબિત થઈ ચૂક્યું છે. ખુદ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ તેમની ટીમ દ્વારા સોશિયલ મીડિયાનો મહત્તમ ઉપયોગ તેમની છબિ નિખારવા અર્થે કરે છે. એ રીતે 1990ના અરસામાં કમ્પ્યૂટરમાં મતદાતાના ડેટા સાથે ભાજપ પક્ષ પોતાના કાર્યકર્તાઓ અને આગેવાનોની શૈક્ષણિક પ્રોફાઈલ, તેમનું રાજકીય જીવન અને કાર્ય અનુભવ સાથે જોડીને જોતું હતું. - આ કારણે આ ડેટા વધુ ઉપયોગી બન્યો. જેમ કે કોઈ ક્ષેત્રમાં એક જ્ઞાતિનું પ્રભુત્વ હોય તો ભાજપ તે જ્ઞાતિના આગેવાનને પ્રાધાન્ય આપતું હતું. સામાન્ય રીતે આવું જ ગણિત દેશની રાજનીતિમાં ચાલે છે, પરંતુ ડેટાના કારણે તે ગણિત વધુ બંધબેસતું કેવી રીતે થાય અને પોતાના તરફેણમાં ચૂંટણીના પરિણામ કેવી રીતે લાવી શકાય તે ઠોસ રીતે થવા લાગ્યું. લેખક અમોઘ ધાર શર્માએ એ પણ નોંધ્યું છે કે ભાજપ ટેક્નોલોજી અને મીડિયા તરફ વળ્યું તેના દાયકા પહેલાં જ કોંગ્રેસની આવી રણનીતિ સામે તેનો જોરશોરથી વિરોધ કર્યો હતો પરંતુ પ્રમોદ મહાજનના કારણે ભાજપ પક્ષનું વલણ બદલાયું અને ભવિષ્યમાં તે બદલાયેલા વલણે જ ભાજપને આજે સત્તા સુદ્ધાં અપાવી છે.

આ બદલાવ બાદ મીડિયા ભાજપને ‘મોર્ડન’ પક્ષ છે તે રીતે જોવા માંડ્યું અને પ્રમોદ મહાજન એવું માનતા પણ હતા કે આ રીતે ‘મોર્ડન’ હોવાની છબિ મતદાતાને ભાજપ પક્ષ તરફ આકર્ષશે. દેશની પહેલીવહેલી ‘મોડર્ન’ રાજકીય પક્ષની ઓળખ મેળવ્યા બાદ 1998માં ભાજપ પ્રથમ એવો પક્ષ બન્યો - જેની વેબસાઈટ નિર્માણ પામી. આ વેબસાઈટ પર તે વખતથી પક્ષનો ઈતિહાસ, તેની ફિલસૂફી, સંગઠનનું માળખું, સમાચાર, કેમ્પેઈન સંબંધિત સૂચના અને પક્ષના આગેવાનોની પ્રોફાઈલ વિશે વિગતે માહિતી મળતી હતી.

આજે પણ ભાજપની વેબસાઈટ જોઈએ તો ખ્યાલ આવે કે ટેક્નોલોજીની રીતે વેબસાઈટ ખાસ્સી અપડેટ છે. એટલું જ નહીં વેબસાઈટમાં શરૂઆતથી જ ‘જનમત’ નામનો એક વિભાગ હતો, જ્યાં કાર્યકરો પોતાનો સંદેશ અથવા પ્રશ્નો મૂકી શકતા હતા.

2003માં ભાજપ પક્ષમાં ટેક્નોલોજીની વાત એટલી આગળ વધી કે રાજસ્થાનની ચૂંટણીમાં પ્રમોદ મહાજને ‘વોર રૂમ’ તૈયાર કર્યો હતો. આજે મહદંશે રાજકીય પક્ષ ચૂંટણી દરમિયાન આ પ્રકારના ‘વોર રૂમ’ નિર્માણ કરે છે, જેમાં પળેપળની દરેક મતક્ષેત્ર અને મતદાતાની માહિતી મળી રહે. મહાજને તે વખતે ‘વોર રૂમ’ નિર્માણ કરવાની પ્રેરણા અમેરિકા અને યુરોપમાં થતાં ચૂંટણીપ્રચારથી લીધી હતી.

‘ધ બૅકસ્ટેજ ઑફ ડેમોક્રેસી : ઈન્ડિયાઝ ઈલેક્શન કેમ્પેઈન્સ એન્ડ ધ પિપલ હુ મેનેજ ધેમ.’ - આવી અનેક બાબતો છે, જે અંગેની માહિતી આધાર અને ઉદાહરણ સહિત મૂકવામાં આવી છે. આજે ભાજપ પક્ષનાં મૂળિયાં ભારતીય રાજનીતિમાં આટલાં ઊંડા ઊતર્યાં છે તેનું એક કારણ પ્રમોદ મહાજનની દૂરદર્શિતા છે.

# છલકે દૂધનો દરિયો રે



શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ

એક સમયે આ દેશમાં ઘણાં બધાં લોકો ગાય કે ભેંસ ઘરમાં રાખતાં. કહેવાય છે કે માણસ જાતના એ બહુ મુશ્કેલીભર્યા અઘરા દિવસો હતા. બિચારાએ સવારે જલદી ઊઠવું પડતું હતું, ગાય કે ભેંસને દોહીને દૂધ કાઢવું પડતું હતું, એને ચારો નાખવાનો, એની સાફ-સફાઈ કરવાની વગેરે કરવું પડતું હતું. એટલે જ પછી લોકોને કહેવામાં આવ્યું કે ઘરમાં ઢોર પાળીને શું કરશો? સરકારી ડેરી પર ભરોસો કરો. તમને થેલીમાં સારું દૂધ મળી જશે.

મોટાભાગનાં લોકોએ હવે ઢોરને ઘરમાં રાખવાનાં છોડી દીધાં અને બધી મુશ્કેલીઓથી છૂટકારો મેળવ્યો. હવે ના તો દૂધ દોહવું પડે છે અને ના ઘાસચારાની માથાકૂટ! પણ હા, એણે વહેલા તો ઊઠવું જ પડે છે. બરાબર એ જ સમયે, જે સમયે એ દૂધ દોહીને કાઢતો હતો. હવે એ દૂધ દોહવાને બદલે દૂધની ડેરી કે દુકાનની લાઈનમાં ઊભો રહે છે. પ્રગતિની સફરમાં બાળકોનાં દૂધ માટે એ લાઈનમાં ઊભો રહીને એટલો જ હેરાન થાય છે જેટલો એ પહેલાં થતો હતો.

ઢોર હવે જાહેર ક્ષેત્રમાં કે રાજકારણમાં જતા રહ્યા છે. હવે એ શિંગડાં પહેલા મારશે, દૂધ

> **ઢોર હવે જાહેર ક્ષેત્રમાં કે રાજકારણમાં જતા રહ્યા છે. હવે એ શિંગડાં પહેલાં મારશે, દૂધ પછી આપશે. વહાલ કરવાથી કે પ્રેમ કરવાથી એ કાંઈ દૂધ વધારે આપશે નહીં. એટલું જ દૂધ મળશે જેટલું એમના ખિસ્સામાં પૈસા હશે અને નસીબમાં લખ્યું હશે**

પછી આપશે. વહાલ કરવાથી કે પ્રેમ કરવાથી એ કાંઈ દૂધ વધારે આપશે નહીં. એટલું જ દૂધ મળશે જેટલું એમના ખિસ્સામાં પૈસા હશે અને નસીબમાં લખ્યું હશે.

જૂના જમાનાના લોકો દૂધ, માખણની લાલચમાં ઢોરના વિશે વાતો કરતાં ત્યારે તેઓને ધાર્મિક અને રૂઢિચુસ્ત માનવામાં આવતા હતા. હવે આજનો માણસ ઢોરની નહીં, દૂધની વાત કરે છે. અંગ્રેજી મીડિયમમાં ભણતાં બાળકોને જો સવાલ પૂછવામાં આવે કે- ‘દૂધ ક્યાંથી આવે છે?’ તો એમાંથી મોટાભાગના છોકરાઓ જવાબ આપશે કે- ‘દૂધ ડેરીમાંથી મળે છે, આર.એ. કોલોનીમાંથી આવે છે, મધર ડેરીમાંથી મળે છે, અમૂલ ડેરીમાંથી આવે છે.’ છાપાંઓમાં દૂધ વિશેની ફરિયાદ છપાય છે પણ ઢોર વિશે નહીં. હવે ઢોરને લઈને આ દેશમાં બધા જ પ્રશ્નો પૂરા થઈ ગયા છે. સિવાય કે ગામડાં ને શહેરોમાં રખડતાં ઢોરનો.

જે રીતે અવનવી જાહેરાતે દ્વારા તમને આઈસક્રીમ તરફ આકર્ષિત કરવામાં આવે છે, એવી જ રીતે હવે દૂધની પણ જાહેરાત થાય છે. જેવી રીતે છોકરાઓ જાહેરાતમાં આઈસક્રીમ જોઈ ને ખુશ થાય છે અને એમને લાગે છે કે કેવી સરસ છે અને કેટલી બધી આઈસક્રીમ છે? એવી જ રીતે દૂધની જાહેરાતમાં પણ બતાવાય છે કે જુઓ- ‘આ દૂધની ગુણવત્તા બહુ સરસ છે અને એ સ્વાદમાં ઉત્તમ છે.’ આણંદમાં, આર.એ. કોલોનીમાં, એમ બધે જ સરકારી ડેરીઓ છે.

આજકાલ સરકાર તો પોતાની બધી સ્કીમને ‘ક્રાંતિ લાવનાર’ એમ સંબોધે છે. દૂધ પણ એ ક્રાંતિમાં આવી ગયું છે. જે મોંઘી દૂધની બોટલ કે થેલી તમને મળે છે, એ ક્રાંતિને કારણે નસીબજોગે તમને મળી રહી છે અને જે રીતે દૂધ ક્રાંતિના લાભ સાધારણ જનતા સુધી નથી પહોંચી શકતા, એ જ રીતે દૂધ પણ એક જગ્યાએ ભેગું થઈ જાય છે પણ એના વિતરણની વ્યવસ્થા નબળી છે. સરકારે ડેરી નામની એક ભેંસ તો લાવીને ઊભી કરી મૂકી છે પણ એનાં પર આંચળ નથી લગાડ્યાં. સરકારી ખાતાને દૂધ ખરીદતા આવડે છે પણ વેચતા નહીં!

દૂધ, ના વેચાય એની તો કોઈ ચિંતા જ નથી. જો બજારમાં ઘી અને માખણના ભાવ સારા મળી રહ્યા હોય તો પછી દૂધનું વિતરણ વધારવામાં તેઓ શું કામ રસ લે? એ દૂધમાંથી માવો બને રાખશે અને તમે એની મીઠાઈ ખાધે રાખશો.

પહેલાં આ દેશમાં દૂધની નદીઓ વહેતી હવે દૂધનો દરિયો વહે છે, માખણના પહાડો છે, ઘીનાં તળાવો છે, પનીરના ઘાટ છે! બધે દૂધાળાં સમાચારો છે, જાહેરાતો છે, જલસા છે પણ ગરીબોનાં બાળકો માટે સારું દૂધ સસ્તું નથી મળતું. ઢોરથી આઝાદી અને દૂધની શ્વેત ક્રાંતિનું આશ્વાસન મળ્યા પછી પણ ગરીબ માણસ ત્યાંનો ત્યાં જ છે, જ્યાં એ ગાય-ભેંસ સાથે હતો.

ટ્રેનના ડબ્બામાં દૂધ ભરાઈને સરકારી ડેરી તરફ જઈ રહ્યું છે. સ્ટેશન પર ઊભેલી ટ્રેનની બારીમાંથી એક મા આમતેમ નજર દોડાવી રહી છે. શું આ સ્ટેશન પર મારા બાળકને માટે દૂધ મળશે?

ના. નહીં મળે. એ દૂધની ચોકલેટ બનશે, ચીઝ બનશે, ત્યારે એ તું તારા બાળકને આપજે!

# મહંમદ શમીને શું નિવૃત્તિ લેવા માટે મજબૂર કરવામાં આવી રહ્યો છે?

ખેલખેલમેં

ભારતીય ટીમ જ્યારે ઇંગ્લેન્ડના પ્રવાસે જવાની હતી તેના પહેલા જસપ્રીત બુમરાહે એવી જાહેરાત કરી હતી કે તે આ પ્રવાસમાં માત્ર ત્રણ ટેસ્ટ રમશે, તે સમયે એવી ચર્ચા જાગી હતી કે ટીમ સાથે સીનિયર બોલર તરીકે મહંમદ શમીને લઇ જવો જોઇએ. જો કે એ પ્રવાસમાં તેની પસંદગી થઇ નહોતી અને હાલમાં એશિયા કપ માટેની ટીમ પસંદ કરતી વખતે પણ તેનું નામ વિચારણામાં લેવાયું નહોતું. આ જોઇને એવું લાગી રહ્યું છે કે ગૌતમ ગંભીર અને અજીત અગારકરની ભવિષ્યની યોજનાઓમાં મહંમદ શમી ફિટ નથી થતો અને તેના કારણે તેની અવગણના કરીને તેને નિવૃત્તિ લેવા માટે મજબૂર કરાઇ રહ્યો છે.

ટીમ ઈન્ડિયાના અનુભવી ફાસ્ટ બોલર મહંમદ શમી માટે છેલ્લા કેટલાક સમયથી પરિસ્થિતિ સારી ચાલી રહી નથી. શમી ચેમ્પિયન્સ ટ્રોફી પછી ટીમ ઈન્ડિયાની બહાર છે. જેના કારણે મહંમદ શમી પર સવાલો ઉભા થઈ રહ્યા છે. પરંતુ હવે શમીએ નિવૃત્તિની વાતોનો યોગ્ય જવાબ આપ્યો છે. તેણે સ્પષ્ટ કર્યું છે કે તેનો હવે નિવૃત્તિ લેવાનો કોઈ ઈરાદો નથી. શમીએ ભારપૂર્વક કહ્યું કે તે પોતે જ નક્કી કરશે કે તેના માટે યોગ્ય સમય ક્યારે છે.

જ્યાં સુધી મહંમદ શમી ક્રિકેટ રમવાનો આનંદ માણી રહ્યો છે, ત્યાં સુધી તે રમવાનું ચાલુ રાખશે. પછી ભલે તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ હોય કે સ્થાનિક ક્રિકેટ. તાજેતરની ઇંગ્લેન્ડ શ્રેણીમાં તેને ટીમમાં સામેલ કરવામાં આવ્યો ન હતો. આગામી એશિયા કપ માટે તેને T20I ટીમમાં પણ સામેલ કરવામાં આવ્યો નથી. આનાથી તેના ભવિષ્ય પર પ્રશ્નો ઉભા થયા છે. શમીએ કહ્યું છે કે તે કંટાળો આવશે ત્યારે જ નિવૃત્તિ લેશે. તેનું સ્વપ્ન વન ડે વર્લ્ડકપ જીતવાનું છે. તે 2023માં તેની નજીક પહોંચ્યો હતો પરંતુ ભારત ફાઇનલમાં હારી ગયું. મહંમદ શમીએ



નિવૃત્તિની અટકળોને ફગાવી દીધી છે અને કહ્યું છે કે તે હજુ ક્રિકેટને અલવિદા નહીં કહે. તેણે કહ્યું કે નિવૃત્તિ લેવાનો નિર્ણય તેનો પોતાનો હશે અને તે રમત ત્યારે જ છોડી દેશે જ્યારે તે તેનો આનંદ માણવાનું બંધ કરશે. તેને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવાની તક મળે કે સ્થાનિક ક્રિકેટ, તે રમવાનું ચાલુ રાખશે.

મહંમદ શમીને તાજેતરમાં ભારતની ટેસ્ટ ટીમમાં સામેલ કરવામાં આવ્યો ન હતો. તે ઈંગ્લેન્ડ સામેની શ્રેણીમાં રમ્યો ન હતો. આ ઉપરાંત, તેને એશિયા કપ માટે T20I ટીમમાં પણ સામેલ કરવામાં આવ્યો નથી. આનાથી ભારતીય ટીમમાં તેના ભવિષ્ય અંગે શંકા ઉભી થઈ છે. તેણે ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત માટે તેની છેલ્લી મેચ રમી હતી. આ પછી, તેની IPL સીઝન પણ સારી નહોતી રહી. આનાથી T20 ટીમમાં તેની વાપસી મુશ્કેલ બની ગઈ.

ચેતેશ્વર પૂજારા, રવિચંદ્રન અશ્વિન જેવા ખેલાડીઓની તાજેતરમાં નિવૃત્તિ અને ટેસ્ટ અને T20Iમાંથી વિરાટ કોહલી અને રોહિત શર્માની નિવૃત્તિ પછી, શમીના ભવિષ્ય અંગે પણ પ્રશ્નો ઉભા થયા હતા.

શમીએ આ અટકળોનો કડક સ્વરમાં જવાબ આપ્યો. તેણે કહ્યું કે તે જે દિવસે કંટાળો આવશે તે દિવસે નિવૃત્તિ લેશે.

શમીએ કહ્યું, ‘જો કોઈને કોઈ સમસ્યા હોય તો મને કહો. જો મારી નિવૃત્તિ તેમના જીવનને વધુ સારું બનાવે છે, તો મને કહો. હું કોના જીવનમાં અવરોધ બની ગયો છું કે તેઓ મને નિવૃત્તિ લેવા માંગે છે? જે દિવસે હું કંટાળી જઈશ, હું છોડી દઈશ. તમે મને પસંદ નથી કરતા પણ હું સખત મહેનત કરતો રહીશ. જો તમે મને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ માટે પસંદ નહીં કરો, તો હું ઘરેલુ ક્રિકેટ રમીશ. હું ક્યાંક રમતો રહીશ. જ્યારે તમને કંટાળો આવવા લાગે ત્યારે તમારે આ નિર્ણયો લેવા પડશે. મારા માટે હજુ એ સમય આવ્યો નથી.

મહંમદ શમીએ વધુમાં કહ્યું કે જો તેને આંતરરાષ્ટ્રીય ટીમમાં પસંદ કરવામાં નહીં આવે તો તે ઘરેલુ ક્રિકેટ રમવાનું ચાલુ રાખશે. તે કોઈને કોઈ રીતે ક્રિકેટ રમવાનું ચાલુ રાખશે. તેણે કહ્યું કે નિવૃત્તિનો નિર્ણય ત્યારે જ લેવો જોઈએ જ્યારે વ્યક્તિ કંટાળો અનુભવવા લાગે, અને તે સમય હજુ આવ્યો નથી. શમીને માર્ચ 2024 માં પગની ઘૂંટીની ઈજા માટે સર્જરી કરાવવી પડી હતી, જેના કારણે તે વર્ષનો મોટાભાગનો સમય ટીમમાંથી બહાર રહ્યો હતો. ઘૂંટણની ઈજાને કારણે તેનું પુનરાગમન વધુ મોડું થયું. સિનિયર ઝડપી બોલર આખરે ગયા વર્ષના અંતમાં બંગાળ માટે ઘરેલુ ક્રિકેટમાં પાછો ફર્યો હતો પરંતુ ઓસ્ટ્રેલિયામાં પાંચ

> **ઇંગ્લેન્ડ પ્રવાસ માટે તેની પસંદગી ન કરવામાં આવી અને હાલમાં પણ જ્યારે એશિયા કપની ટીમ જાહેર થઇ ત્યારે તેના નામને વિચારણામાં પણ ન લેવાતા એવું લાગી રહ્યું છે કે ગૌતમ ગંભીર અને અજીત અગારકરની ભવિષ્યની યોજનાઓમાં મહંમદ શમી ફિટ નથી થતો અને તેના કારણે તેની અવગણના કરીને તેને નિવૃત્તિ લેવા માટે મજબૂર કરાઇ રહ્યો હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે**

ટેસ્ટ મેચની શ્રેણી માટે તેની પસંદગી કરવામાં આવી ન હતી, કારણ કે પસંદગીકારો લાંબા સ્પેલ્સ બોલ કરવાની તેની ક્ષમતા અંગે અનિશ્ચિત હતા. શમીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તે છેલ્લા બે વર્ષમાં તકોના અભાવ માટે કોઈને દોષી ઠેરવતો નથી, અને કહ્યું કે તે સખત મહેનત કરવાનું ચાલુ રાખશે અને કોલ-અપની રાહ જોશે.